સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની આદર્શ નિવાસી શાળા અને સરકારી છાત્રાલયોમાં CCTV કેમેરા લગાવવા અંગેની કુલ રૂ.૧૩.૦૫ કરોડની નવી બાબતમાં રૂ.૦.૪૩ કરોડનો વધારો કરી રૂ.૧૩.૪૮ કરોડની સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/WRT/e-file/17/2025/1499/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.
તા. As per e-sign.

**<u>વંચાણે લીધા:</u>**

(૧) વિભાગના તા.૧૫/૦૪/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2024/2613/A-1 Section.
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૩/૦૭/૨૦૨૫નો પત્ર.

**<u>પ્રસ્તાવના:</u>**

વંચાણે લીધેલા ક્રમાંક:(૧) આગળના ઠરાવથી સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૩૦ આદર્શ નિવાસી શાળાઓના મકાન અને ૫૭ સરકારી છાત્રાલયોના મકાનમાં CCTV કેમેરા લગાવવા અંગેની કુલ રૂ.૧૩.૦૫ કરોડની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક:(૨) આગળના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ૩૦ આદર્શ નિવાસી શાળાઓના મકાન અને ૫૭ સરકારી છાત્રાલયોના મકાનમાં CCTV કેમેરા લગાવવા અંગેની કુલ રૂ.૧૩.૦૫ કરોડની નવી બાબતમાં રૂ.૦.૪૩ કરોડનો વધારો કરી રૂ.૧૩.૪૮ કરોડની સુધારેલી વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**<u>સુધારા ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ૩૦ આદર્શ નિવાસી શાળાઓના મકાન અને ૫૭ સરકારી છાત્રાલયનોના મકાન પૈકી એક આદર્શ નિવાસી શાળાને અંદાજીત ૨૨ CCTV લેખે ૩૦ આદર્શ નિવાસી શાળા માટે(૩૦*૨૨) કુલ ૬૬૦ CCTV અને એક સરકારી છાત્રાલયમાં ૧૩ CCTV કેમેરા લેખે ૫૭ સરકારી છાત્રાલયમાં માટે (૫૭*૧૩) કુલ ૭૪૧ CCTV કેમેરા લગાવવા અંગેની રૂ.૧૩.૦૫ કરોડની નવી બાબતમાં રૂ.૦.૪૩ કરોડનો વધારો કરી રૂ.૧૩.૪૮ કરોડની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ઉપરોક્ત સુધારા સિવાય ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) આગળના તા.૧૫/૦૪/૨૦૨૫ના ઠરાવમાં ઉલ્લેખિત

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.08.19
12:33:23 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ - ૨૦૨૫.

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.08.19
12:33:23 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*